**રાજય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડર મંજુર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ સસપ-૧૦૯૭-૧૦૯-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૧૨ / ૮/૨૦૦૯

વંચાણમાં લીધાઃ
૧. નાણા વિભાગનો તા. ૧૩/૫/૯૭નો પરિપત્ર ક્રમાંકઃ સસપ-૧૦૯૭-૧૦૯-ઝ,
૨. નાણા વિભાગનો તા. ૩/૫/૨૦૦૧નો પરિપત્ર ક્રમાંકઃ સસપ-૧૦૦૧-૨૩૫-ઝ

પરિપત્ર

નાણા વિભાગના તા. ૧૩/૫/૯૭ તથા તા. ૩/૫/૦૧ના વંચાણમાં લીધેલ પરિપત્રથી રાજય સરકારની કચેરીઓ દ્વારા કરવામાં આવતી ખરીદી તથા હાથ ધરવામાં આવતા કામો (Works) ના ટેન્ડરો મંજુર કરવાની સત્તા મર્યાદા નિયત કરવામાં આવેલ છે. આ સત્તા મર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સત્તા મર્યાદા નિયત કરવામાં આવે છે.

| અ.નં. | કામ (Works)ની મર્યાદા | મંજુરીની કક્ષા |
|---|---|---|
| ૧. | રૂા. પાંચ કરોડ સુધીના કામ (Works)ના ટેન્ડર મંજુરી | સંબંધિત વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી |
| ૨. | રૂા. પાંચ કરોડથી વધુ અને રૂા. દસ કરોડ સુધીના કામના (Works)ના ટેન્ડરની મંજુરી | સંબંધિત વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી દ્વારા અગ્ર સચિવશ્રી(ખર્ચ)ની મંજુરીથી. |
| ૩. | રૂા. દસ કરોડથી વધુ કામના (Works)ના ટેન્ડરની મંજુરી | અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની મંજુરીથી. |

ઉકત ફેરફાર સિવાય ઇ.ટેન્ડરીંગ પધ્ધતિના અમલ તથા અન્ય તમામ શરતો/સૂચના યથાવત રહેશે અને તેનું અચૂક પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.બી. દાણી)
ઉપસચિવ
નાણા વિભાગ.

પાછળ જુઓ.....

**પ્રતિ,**

**માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.**

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી. તકેદારી આયોગ,ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.

રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો

સર્વે ખાતાના વડા/કચેરીના વડા, સર્વે કલેકટરશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રીઓ(એ. એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા.

નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.

નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ નાણા સલાહકારશ્રીઓ.

નાણા વિભાગની સર્વે શાખાઓ નાણા શાખાઓ સહિત)

સિલેકટ ફાઇલ.

વિષય:- મોટી-મધ્યમ-નાની સિંચાઈ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો પૂર્વ-લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત...

ગુજરાત સરકાર,
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૯૭-૧ ૩૯૭-(૧૧)(ક.૨) ક-૧
તારીખ :-૧૦/૯/૨૦૦૩

વંચાણે લીધા :- (૧) સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૬-૫-૯૭ ના પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૦૯૭--૧૩૯૭-(૧૧) (ક-૨)- ક-૧.

(૨) સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૪-૮-૯૭ ના પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧) ( ક- ૨ ) ક-૧.

(૩) સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૩-૭-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૯૭-(૧૧) ક-૨) ક-૧.

(૪) સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૭-૮-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: પરચ- ૧૦૯૭- ૧ ૩૯૭- (૨-૨ ) ક-૧.

(૫) સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૨૮-૧૦-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૯૭-૧૩૯૭-૧૧- ( ક-૨) ક-૧.

**પરિપત્ર :-**

ઉપર્યુક્ત સંદર્ભ હેઠળના (૧) થી (૪) પરિપત્રો અન્વયે પૂર્વલાયકી માપદંડ નક્કી કરી તેમાં સંદર્ભ (૫) થી છૂટછાટ આપવામાં આવી હતી. સંદર્ભ (૫) હેઠળના પરિપત્ર ની જોગવાઈ અનુક્રમ નં. (૫) સામે નામદાર વડીઅદાલતના વચગાળાનો ચૂકાદો

સાથી કરીને પૂર્તલાયકી પરિપત્ર સરખા ક્રમાંકઃ- તા. ૨૮-૧૦-૨૦૦૨ ની જોગવાઈ (૫) આથી રદ કરવામાં આવે છે. પૂર્તલાયકીના ધોરણોના અમલની મર્યાદા તા. ૩૧-૧૨-૨૦૦૨ સુધી હતી, જે હવે પશ્ચાદવર્તી અસરથી લંબાવીને તા. ૩૦-૬-૨૦૦૪ સુધી અમલી રહેશે.

આ સાથે ટેન્ડરો બહાર પાડવા અંગેની અન્ય સૂચનાઓ યથાવત્ રહે છે જેનું ચુસ્તપણે પાલન થાય તેમ તમામ કક્ષાએ જોવાનું રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આ મુજબ પરીપત્રની મુદત પુરી થઈ ગઈ છે.

(એ. પી. સુતરિયા)
ખાસ ફરજ પરના અધિકારી (ટે.ઓ.)
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

નકલ રવાના :-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.
(૨) માન. મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી તરફ જાણ સારું.
(૩) સચિવશ્રી (જળસંપત્તિ), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
(૪) સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
(૬) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, (પંચાયત સહિત), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા સારું.
(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
(૮) નાણાકીય સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૯) સીલેકટ ફાઈલ.

Ŝcelea - 3

વિષયઃ-મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર
પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વ-
લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૯૭-૧૩૯૭(૧૧)(ક.૨)-ક.૧.
તા.૨૮-૧૦-૨૦૦૨.

વંચાણે લીધાઃ- (૧) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૧-૫-૯૭ ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૨) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૪-૮-૯૭ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૩) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૩-૭-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

(૪) સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા.૧૭-૮-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧

પ રિ પ ત્ર :-

ઉપરોકત સંદર્ભ (૧) થી (૪) ના પરિપત્ર અન્વયે પૂર્વલાયકી માપદંડમાં નીચે પ્રમાણે છુટછાટ આપવામાં આવે છે.

(૧) છેલ્લા પાંચ વર્ષના બદલે છેલ્લા સાત વર્ષના અનુભવ, ટર્નઓવર, વગેરે ગણત્રીમાં લેવાના રહે છે.

(૨) ઠેકેદારશ્રીએ કામ પોતે કરવાનું રહેશે. કોઇપણ પ્રકારનો પેટા કોન્ટ્રેકટ કરવાની છુટ નથી.

(૩) ૨૦ કરોડ કરતાં વધારે રકમના કામ માટે સંયુકત સાહસ (જોઇન્ટ વેન્ચર) કરી શકાશે. પૂર્વ લાયકીના માપદંડ તે પ્રમાણે ગણતરીમાં લેવાના રહેશે.

(૪) ખાસ તાંત્રિક પ્રકારના કામો જેવા કે ડાયાફ્રામ, પમ્પસ, પાઇપ્સ, વગેરે જેવા માટે અન્ય અનુભવી ઠેકેદારશ્રીએ સાથે જોડાણ (એસોસીએશન) કરી શકાશે.

(૫) અનુભવ માટે ઠેકેદારશ્રીએ જે કંપનીના નામથી ટેન્ડર ભરવાનું હોય તે જ કંપનીના નામે કરેલા કામો ધ્યાને લેવામાં આવશે.

(૬) જે વર્ષ પાત્રતા માટે ધ્યાનમાં લેવામાં આવેલ હોય તે વર્ષમાં થયેલ કામ માટે ૧ ઘનમીટર કોન્ક્રીટ/ચણતર સામે ૧૫ ઘનમીટર માટીકામ/ખોદાણ રૂપાંતરીત કરીને પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે.

૨. આ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની થાય છેઃ–

(૧) સિંચાઇ વિભાગના બધા જ ઇજારદારોને જાહેર નિવિદાની એક નકલ મોકલવાની રહેશે.

(૨) માત્ર ગુજરાતમાં જ પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રમાં જાહેરાત આપવા ઉપરાંત આવા વર્તમાનપત્રોની મુંબઇ અને દિલ્હીના દૈનિકમાં જાહેરાત આવે તેમ કરવાનું રહેશે.

(૩) ટેન્ડરોમાં પૂરતી પારદર્શકતા રહે તે માટે અગાઉ મંજૂર થયેલ ટેન્ડરની અંદાજીત રકમ તથા ટેન્ડર સ્વીકારવાની રકમ નવા કોરા ટેન્ડરોમાં આપવાની રહેશે.

(૪) જાહેર નિવિદાના ટેન્ડરોને વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સૂચના આપવામાં આવે છે..

3. ઉપર મુજબની શરતો ઉપરાંત સંદર્ભ (૧) થી (૪) ના પરિપત્રોની અન્ય શરતો યથાવત રહેશે અને તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેઓશ્રીના હુકમથી,

(સુરેન્દ્રસિંઘ બરાર).
સેકશન અધિકારી,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

નકલ રવાનાઃ-

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.

(૨) માન.મંત્રીશ્રી(સિંચાઇ)ના અંગત સચિવશ્રી, તરફ જાણ સારુ

(૩) સચિવશ્રી(જળસંપત્તિ), નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,.

(૪) સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૬) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ, (પંચાયત સહિત), નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,. તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા સારુ.

(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,.

(૮) નાણાકીય સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૯). સીલેકટ ફાઇલ.

**વિષય- મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વ લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.**

---

ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧) (ક.૨)-ક.૧

ગાંધીનગર, સચિવાલય

તા-૧૭/૮/૨૦૦૨

**વંચાણે લીધા-** (૧) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ. ના તા-૧.૫.૯૭ ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક૨)-ક.૧

(૨)સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ ના પરિપત્ર ક્રમાંકપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક૨)-ક.૧ તા-૧૪.૮.૯૮

(૩) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ. ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.૨)-ક.૧ તા-૩/૭/૨૦૦૨

<u>પૂર્વભુમિકા-</u>

જાહેર બાંધકામ વિભાગના મેન્યુઅલના પારા ૧૯૯ (૧) (સુધારેલા) પ્રમાણે રૂ. ૧૦૦ લાખથી વધુ અંદાજી કિંમતના બાંધકામો માટે ઠેકેદારો માટે પૂર્વલાયકીનાં ધોરણો વિભાગ તરફથી છેલ્લે તા- ૧૪-૮-૯૮ ના પરિપત્રથી નકકી કરવામાં આવેલ, અને આ ધોરણોનો અમલ તા- ૩૧-૧૨-૯૯ સુધી કરી ત્યાર બાદ અનુભવના આધારે કાયમી નીતિ નકકી કરવાનું નકકી કરવામાં આવેલ.આમ

તા- ૩૧.૧૨.૯૯ બાદ આ પૂર્વ લાયકી ધોરણોનું વિશ્લેષણ કરી પૂર્વ લાયકી માપદંડોમાં પુન: સુધારા કરવા માટે મંત્રીશ્રી (સિંચાઇ) સાથે વિભાગના મુખ્ય ઇજનેરશ્રીઓ અને સચિવશ્રી (જ.સં) એ મીટીંગ કરી, આ પૂર્વ લાયકી ધોરણોમાં સુધારા વધારા કરવા મુખ્ય ઇજનેરશ્રી ઓની કમિટીને સૂચના આપેલ. મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીએ પૂર્વ લાયકી ધોરણોનો અભ્યાસ કરી જે માપદંડમાં સુધારા વધારા સૂચવેલ તે ધ્યાને લઇ નીચે જણાવ્યા પ્રમાણે રાજયની મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વલાયકી માપદંડમાં સુધારો-વધારો કરવાનું નકકી કરવામાં આવેલ છે અને સંદર્ભિત પરિપત્ર તા-૩/૭/૨૦૦૨ થી તે પરિપત્ર કરવામાં આવેલ.જે બાબત હવે આખરી થતા નીચે પ્રમાણે સુધારેલ પૂર્વલાયકી માપદંડ નિર્ધારિત કરવામાં આવે છે.

## ૧.૦ કામની સમય મર્યાદા

(૧) રૂા. ૧ કરોડથી ૩ કરોડ -૧૧ માસ

(૨) રૂા.૩ કરોડથી ૧૦ કરોડ-૧૫ થી ૧૮ માસ

(૩) રૂા.૧૦ કરોડથી ૧૫ કરોડ-૧૮ થી ૨૪ માસ

(૪) રૂા.૧૫ કરોડથી ૩૦ કરોડ-૩૬ માસ

(૫) રૂા. ૩૦ કરોડ ઉપર આયોજન અને જરૂરીયાત અનુસાર (લઘુત્તમ - ૩૬ માસ)

## ૨.૦ નાણાંકીય સધ્ધરતા (એન્યુઅલ ટર્ન ઓવર)

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં વરસાદી માસના ત્રણ માસ બાદ કરતા કામની અંદાજિત રકમ અને સમય મર્યાદા ધ્યાને લઇને વાર્ષિક કરવાના થતા કામનું સો એ સો ટકા (૧૦૦ ટકા) રકમનું ઓછામાં ઓછું ટર્ન ઓવર કરેલ હોવું જરૂરી છે.

ટર્ન ઓવરની રકમ જે તે સંબધિત વર્ષની લાવવા માટે દર વર્ષે ૧૦ ટકાના ધોરણે ભાવ વધારો ગણીને રકમ નકકી કરવાની થાય. ટર્ન ઓવરનું પ્રમાણપત્ર સંબધિત કાર્યપાલક ઇજનેર, ઇન્કમટેક્ષ ઓફીસર અથવા ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણિત કરેલું હોવું જરૂરી છે.

**૩.૦ કામ કરવાની ભૌતિક ક્ષમતા (ફીઝીકલ કેપેસીટી)**

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં દર વર્ષે ચોમાસાના ૩ માસના સમયને બાદ કરતા જેટલું માટીકામ, કોંક્રીટકામ કરવાનું હોઇ તેના ૮૦ ટકા જેટલા જથ્થાની કામગીરી ઠેકેદારશ્રીએ કરેલ હોવી જોઇએ.

કોંક્રીટકામ/ચતરકામ અને માટીકામમાં જથ્થાનું રૂપાંતર કરી શકાશે નહી, મુળ કામગીરી જ કરેલ હોવી જરૂરી છે.

કરેલ કામનું પ્રમાણપત્ર સઘળી વિગત સાથે સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૪.૦ ટેન્ડરને અનુરૂપ કામ અંગે ભૌતિક અનુભવ-(ફીઝીકલ એકસપીરીયન્સ)**

ઠેકેદારશ્રીએ સુચિત કામની અંદાજિત કિંમતને અનુલક્ષીને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૬૦ ટકા જેટલી કિંમતનું એક કામ સફળતાપૂર્વક પુર્ણ કરેલ હોવું જોઇએ અથવા પ્રગતિમાં હોવું જોઇએ જે વર્ષમાં ટેન્ડર મેળવ્યા હોઇ તે વર્ષની ભાવ સપાટીએ કિંમત ગણીને ધ્યાને લેવાની રહેશે અને સંબધિત વર્ષની કિંમત લાવવા માટે પ્રતિ વર્ષ ૧૦ ટકા ના ધોરણે ભાવ વધારો ગણીને કિંમત નકકી કરવાની રહેશે.

આ કામમાં જે પ્રકારના કામનું ટેન્ડર માંગવામાં આવેલ હોય તે પ્રકારના કામ પુર્ણ કરેલા કે પ્રગતિ હેઠળ હોવા જરૂરી છે અને તે પ્રમાણેની જોગવાઇ રાખવાની રહેશે.

ભૌતિક કામના અનુભવ માટે જે તે કામના સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૫.૦ યંત્રો અને સામગ્રી-**

કામો કરવાની ભૌતિક ક્ષમતામાં નિર્દેષ થયા પ્રમાણેના કરવાના થતાં વાર્ષિક માટીકામ/ખોદાણકામ તથા ચણતરકામ /કોંક્રીટકામ માટે, અલગ અલગ રીતે તે જથ્થાના ૫૦ ટકા જથ્થા જેટલું કામ થઇ શકે, તે માટે જરૂરી એવી, યંત્રો-સામગ્રી ઠેકેદાર પાસે પોતાની અને ચાલુ હાલતમાં હેવી જરૂરી છે.

**૬.૦ સ્ટાફ-**

રૂા. ૫ કરોડ સુધીના કામો માટે સીવીલ ઇજનેર-૨, સુંપરવાઇઝર-૪, ટેકનીકલ આસીસ્ટન્ટ-૬ હોવા જોઇએ, રૂા ૫ કરોડથી ઉપરના કામો માટે તેના રાપ્રમાણમાં હોવા જોઇએ, હયાત સ્ટાફ ન હોય તો બાહેંધરી આપીને સ્ટાફ કામ માટે રોકવાનો રહેશે.

**૭.૦ કામ કરવા માટે નાણાંકીય આયોજન (કેશ ફલો)**

રૂપિયા ૨૦ કરોડથી વધારે અંદાજી રકમના કામો માટે ઠેકેદારે કામ કરવા માટે માસિક નાણાંકીય આયોજન : કેશ ફલો : ની વિગતો રજૂ કરવાની રહે છે. ઠેકેદાર આ કામો સમયસર પુરા કરવા અને આ માટે પોતાના કેટલાં નાણાં કામ માટે રોકવાનું આયોજન છે તેની વિગતો કામની સમય મર્યાદાના ગાળા દરમ્યાનના દરેક માસ માટે આપવાની રહે છે.

ઉપર મુજબના ફકરા ૧ થી ૭ ના ઉદાહરણો સાથે વંચાણમાં લઇને, પૂર્વ લાયકી દસ્તાવેજમાં યોગ્ય અને ચોકકસાઇપૂર્વક વિગતોનો સમાવેશ કરીને અમલ કરવાનો રહે છે.

ભાગ-૨

<u>નીચે જણાવેલ બાબતોની જોગવાઇ ટેન્ડર પેપર્સમાં યોગ્ય જગ્યાએ યોજનાના કામોના આયોજનને ધ્યાનમાં લઇને કરવાની રહે છે.</u>

(૧) સીવીલ કામના તથા દરવાજાના કામના અલગ અલગ ટેન્ડરો મંગાવવાના રહેશે , બન્ને કામના સાથે ટેન્ડર મંગાવવા નહી,

(૨) કામ માટેની સોલવન્સીની જોગવાઇ જહેર બાંધકામ નિયમ સંગ્રહના ફકરા ક્રમાંક-૨૦૨ (ખ) (૩) માં છે તે અનુસાર કામની અંદાજી કિંમતના ૨૦ ટકા કે જે નક્કી કરવામાં આવે તે રકમની સોલવન્સી માટે ટેન્ડરમાં જોગવાઇ કરવાની રહે છે.

ઉપર પ્રમાણેની જોગવાઇઓ ટેન્ડરના દસ્તાવેજમાં કરવાની રહે છે.

ભાગ-૩

ઉપરોકત જોગવાઇનાં અમલ માટે નીચેની સૂચનાઓનું ચોકસાઇથી પાલન થાય તે જોવાનું રહે છે.

(૧) **ઠેકેદારની સક્ષમતા અને અંદાજોની ચકાસણી કાર્યપાલક ઇજનેર તેમજ અધીક્ષક ઇજનેરશ્રી ધ્વારા થાય તે જરૂરી છે, અને આ દસ્તાવેજમાં કાર્યપાલક ઇજનેરે આ ચકાસણી નિર્દેશ થયેલા પૂર્વલાયકી માપદંડને ધ્યાનમાં લઇને ચોકસાઇપૂર્વક કરવામાં આવેલ છે, તેમ પ્રમાણિત કરવાનું રહે છે.**

(૨) **ઠેકેદાર પાસે આ પ્રકારના ટેન્ડરમાં જણાવેલ કામના પ્રકારના જેવા બીજા કામો હાથ ઉપર હોય તો ઠેકેદાર આ કામો પુરા કરવા દર માસે જે માટીકામ/ખોદાણ તથા ચણતર/કોંક્રીટ કામો કરવા પડે તની વિગતો**

આપવાની રહે છે અને તે ભાગ(૧) ના ફકરા (૨) માં જણાવ્યા પ્રમાણેની જે ક્ષમતા નકકી કરવામાં આવે તેમાંથી આ કામો પુરા કરવાની ક્ષમતા બાદ કરવાની રહેશે અને ત્યારબાદ બાકી રહેતી ક્ષમતા નકકી કરેલ માપદંડ જેટલી અથવા તેથી વધારે જોઇશે.

(૩) પૂર્વલાયકી માપદંડની ગણતરીમાં કોઇ એક ક્ષમતા માટે ઠેકેદાર પાત્ર ઠરતા ન હોય તો તે એક ક્ષમતાના ધોરણમાં એક ટકા જેટલી છૂટછાટ સચિવશ્રીની કક્ષાએ લેખિત કારણો દર્શાવી આપી શકાશે.

(૪) આ પરિપત્રની સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરી ત્યારબાદ અનુભવના આધારે કાયમી નિતી નકકી કરવાની રહેશે.

(૫) આ પરિપત્ર બહાર પાડવામાં આવેલ તારીખે જે કામના પ્રાઇઝબીડ ખોલવામાં આવેલ ન હોઇ તેવાં કામોના પ્રાઇઝબીડ રદ કરી તેવા કામો માટે નવેસરથી આ પરિપત્રની જોગવાઇ મુજબ ટેન્ડર માંગવાના રહેશે. ઉપરની સૂચનાઓનું તુરત ચુસ્તપણે પાલન થાય તે તમામ સ્તરે જોવા આથી જણાવવામાં આવે છે. પરિપત્રનો અમલ તા- ૩૧.૧૨.૦૨ સુધી કરવાનો રહેશે.

(૬) આ પરિપત્ર ફકત જળસંપત્તિ પ્રભાગના કામો માટે જ લાગુ પડે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેઓશ્રીના હુકમથી

(કે.એન.અકુવાલા)
ખાસ ફરજ પરના અધિકારી
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

My document/cesas/d/notes

<u>નકલ રવાના</u>

(૧) મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) મા.મંત્રીશ્રી (સિંચાઇ) ના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂ

(૩) સચિવશ્રી (જળસંપત્તિ) સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

(૪) સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી (જળસંપત્તિ)

(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ,નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૬) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત) નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા વિનંતી.

(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૮) નાણાંકીય સલાહકારશ્રી,સચિવાલય, ગાંધીનગર.

સરકારશ્રીના નર્મદા અને જળસંપત્તિ વિભાગના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૯૭-(૧૧)(કર) તા- ૧૭-૮-૨૦૦૨ નું બિડાણ

અનેક્ષર-૧

<u>ઉદાહરણ-</u>

એક સિંચાઇ યોજનાના ટેન્ડરની અંદાજિત કિંમત રૂા. ૪૫૨ લાખ છે. ચણતરકામ અને અને કોંક્રીટકામ મળી કુલ જથ્થો ૬૦૫૮૦ ઘન મીટર કરવાનો છે. તથા માટીકામ તથા ખોદાણકામ મળીને કુલ જથ્થો ૧,૫૦,૫૫૦ ઘન મીટર કરવાનો છે. તો તેની પૂર્વલાયકીના માપદંડો નીચે પ્રમાણે થવા જાય.

(૧) કામની સમય મર્યાદા- ૧૮ માસ

(૨) ચોમાસાનો સમયગાળો- ૩ માસ અથવા ૬ માસ જે સમય ગાળામાં ટેન્ડર માંગવામાં આવેલ હોઇ તેમાં આવતા ચોમાસાની સંખ્યા ધ્યાને લેતા) જો બે ચોમાસા આવતા હોય તો)

(૩) ખરેખર કામ કરવાનો ઉપલબ્ધ સમયગાળો- ૧૫ માસ

(૪) નાણાંકીય સધ્ધરતા-

$\frac{૪૫૨}{૧૫}$ =૩૦.૧૩ X ૯ = ૨૭૧.૧૭

એટલે કે રૂા ૨૭૧લાખનું ટર્ન ઓવર કરેલ હોવું જરૂરી છે.

(૫) ભૌતિક ક્ષમતા (છેલ્લા પાંચ પૈકી કોઇ પણ ૧ વર્ષમાં)

(૧)ચણતરકામ અને અથવા કોંક્રીટકામ-

$\frac{૬૦૫૮૦}{૧૫}$ =૪૦૩૮.૬૬X૯ માસ X૦.૮૦ = ૨૯૦૭૮.૩૯ =૨૯૦૭૯ ઘ.મી.

(૨) માટીકામ અન. અથવા ખોદાણકામ

$\frac{૧૫૦૫૫૦}{૧૫}$ =૧૦૦૩૬.૬૬X ૯ માસX૦.૮૦ =૭૨૨૬૩.૯૯ =૭૨૨૬૪ ઘ.મી.

(૩)ટેન્ડરને અનુરૂપ કામ-ઠેકેદારશ્રીએ સિંચાઇ યોજનાનું કામ કરેલ હોવું જોઇએ/હાથ ઉપર હોવું જરૂરી છે.

રૂા.૪૫૨ X ૦.૬૦ = રૂા.૨૭૧.૨૦

એટલે કે રૂા. ૨૭૧ લાખ કે તેથી વધુ કિંમત નું કામ પુર્ણ કરેલ/હાથ ઉપર હોવું જરૂરી છે.

(૪) યંત્રો અને સામગ્રી-

(૧) ચણતરકામ/કોંક્રીટકામ- $\frac{૩૬૩૪૮}{૨}$ =૧૮૧૭૪-ઘ.મી. કામ થઇ શકે તેટલી યંત્ર સામગ્રી હોવી જરૂરી છે.

(૨)માટીકામ/ખોદાણકામ-

$\frac{૯૦૩૩૦}{૨}$ = ૪૫૧૬૫ ઘ.મી. માટીકામ/ખોદાણકામ થઇ શકે તેટલી યંત્ર સામગ્રી હોવી જરૂરી છે.

(૫) સ્ટાફ-

સીવીલ ઇજનેર- ૨

સીવીલ સુપરવાઇઝર -૪

ટેક. આસી- ૬ હોવા જોઇએ.

**વિષય- મોટી-મધ્યમ-નાની સિચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વ લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.**

---

**ગુજરાત સરકાર**

નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧) (ક.૨)-ક.૧

ગાંધીનગર, સચિવાલય

તા- ~~૯-૨૦૦૨~~ ૩-૭-૨૦૦૨

**વંચાણે લીધા-** (૧) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ. ના તા-૧.૫.૯૭ ના પરિપત્ર કમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(કર)-ક.૧

(૨)સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(કર)-ક.૧ તા-૧૪.૮.૯૮

**<u>પૂર્વભૂમિકા-</u>**

જાહેર બાંધકામ વિભાગના મેન્યુઅલના પારા ૧૯૯ (૧) (સુધારેલા) પ્રમાણે રૂા. ૧૦૦ લાખથી વધુ અંદાજી કિંમતના બાંધકામો માટે ઠેકેદારો માટે પૂર્વલાયકીનાં ધોરણો વિભાગ તરફથી છેલ્લે તા- ૧૪-૮-૯૮ ના પરિપત્રથી નકકી કરવામાં આવેલ, અને આ ધોરણોનો અમલ તા- ૩૧-૧૨-૯૯ સુધી કરી ત્યાર બાદ અનુભવના આધારે કાયમી નીતિ નકકી કરવાનું નકકી કરવામાં આવેલ.આમ તા- ૩૧.૧૨.૯૯ બાદ આ પૂર્વ લાયકી ધોરણોનું વિશ્લેષણ કરી પૂર્વ લાયકી માપદંડોમાં પુન: સુધારા કરવા માટે મંત્રીશ્રી (સિંચાઇ) સાથે વિભાગના મુખ્ય ઇજનેરશ્રીઓ અને સચિવશ્રી (જ.સં) એ મીટીંગ

કરી, આ પૂર્વ લાયકી ધોરણોમાં સુધારા વધારા કરવા મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીને સૂચના આપેલ. મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીએ પૂર્વ લાયકી ધોરણોનો અભ્યાસ કરી જે માપદંડમાં સુધારા વધારા સૂચવેલ તે ધ્યાને લઇ નીચે જણાવ્યા પ્રમાણે રાજયની મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વલાયકી માપદંડમાં સુધારો-વધારો કરવાનું નકકી કરવામાં આવે છે. સુધારેલ પૂર્વલાયકી માપદંડ નીચે મુજબના નિધૃરિત કરવામાં આવે છે.

**૧.૦ કામની સમય મર્યાદા**

(૧) રૂા. ૧ કરોડથી ૩ કરોડ -૧૨ થી ૧૫ માસ

(૨) રૂા.૩ કરોડથી ૧૦ કરોડ-૧૫ થી ૧૮ માસ

(૩) રૂા.૧૦ કરોડથી ૧૫ કરોડ-૧૮ થી ૨૪ માસ

(૪) રૂા.૧૫ કરોડથી ૩૦ કરોડ-૩૬ માસ

(૫) રૂા. ૩૦ કરોડ ઉપર આયોજન અને જરૂરીયાત અનુસાર

**૨.૦ નાણાંકીય સધ્ધરતા (એન્યુઅલ ટર્ન ઓવર)**

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં વરસાદી માસના ત્રણ માસ બાદ કરતા કામની અંદાજિત રકમ અને સમય મર્યાદા ધ્યાને લઇને વાર્ષિક કરવાના થતા કામનું સો એ સો ટકા (૧૦૦ ટકા) રકમનું ઓછામાં ઓછું ટર્ન ઓવર કરેલ હોવું જરૂરી છે.

ટર્ન ઓવરની રકમ જે તે સંબધિત વર્ષની લાવવા માટે દર વર્ષે ૧૦ ટકાના ધોરણે ભાવ વધારો ગણીને રકમ નકકી કરવાની થાય. ટર્ન ઓવરનું પ્રમાણપત્ર સંબધિત કાર્યપાલક ઇજનેર, ઇન્કમટેક્ષ ઓફીસર અથવા ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણિત કરેલું હોવું જરૂરી છે.

**૩.૦ કામ કરવાની ભૌતિક ક્ષમતા (ફીઝીકલ કેપેસીટી)**

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં દર વર્ષે ચોમાસાના ૩ માસના સમયને બાદ કરતા જેટલું માટીકામ, કોંક્રીટકામ કરવાનું હોઇ તેના ૮૦ ટકા જેટલા જથ્થાની કામગીરી ઠેકેદારશ્રીએ કરેલ હોવી જોઇએ.

કોંક્રીટકામ/ચતરકામ અને માટીકામમાં જથ્થાનું રૂપાંતર કરી શકાશે નહી, મુળ કામગીરી જ કરેલ હોવી જરૂરી છે.

કરેલ કામનું પ્રમાણપત્ર સઘળી વિગત સાથે સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૪.૦ ટેન્ડરને અનુરૂપ કામ અંગે ભૌતિક અનુભવ-(ફીઝીકલ એકસપીરીયન્સ)**

ઠેકેદારશ્રીએ સુચિત કામની અંદાજિત કિંમતને અનુલક્ષીને છેલ્લા પાંચ વર્ષમાં કોઇ પણ એક વર્ષમાં ૬૦ ટકા જેટલી કિંમતનું એક કામ સફળતાપૂર્વક પુર્ણ કરેલ હોવું જોઇએ અથવા પ્રગતિમાં હોવું જોઇએ જે વર્ષમાં ટેન્ડર મેળવ્યા હોઇ તે વર્ષની ભાવ સપાટીએ કિંમત ગણીને ધ્યાને લેવાની રહેશે અને સંબધિત વર્ષની કિંમત લાવવા માટે પ્રતિ વર્ષ ૧૦ ટકા ના ધોરણે ભાવ વધારો ગણીને કિંમત નકકી કરવાની રહેશે.

આ કામમાં જે પ્રકારના કામનું ટેન્ડર માંગવામાં આવેલ હોય તે પ્રકારના કામ પુર્ણ કરેલા કે પ્રગતિ હેઠળ હોવા જરૂરી છે અને તે પ્રમાણેની જોગવાઇ રાખવાની રહેશે.

ભૌતિક કામના અનુભવ માટે જે તે કામના સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૫.૦ યંત્રો અને સામગ્રી-**

કામો કરવાની ભૌતિક ક્ષમતામાં નિર્દેષ થયા પ્રમાણેના કરવાના થતાં વાર્ષિક માટીકામ/ખોદાણકામ તથા ચણતરકામ /કોંક્રીટકામ માટે, અલગ અલગ રીતે તે જથ્થાના ૫૦ ટકા જથ્થા જેટલું કામ થઇ શકે, તે માટે જરૂરી એવી, યંત્રો-સામગ્રી ઠેકેદાર પાસે પોતાની અને ચાલુ હાલતમાં હેવી જરૂરી છે.

**૬.૦ સ્ટાફ-**

રૂા. ૫ કરોડ સુધીના કામો માટે સીવીલ ઇજનેર-૨, સુપરવાઇઝર-૪, ટેકનીકલ આસીસ્ટન્ટ-૬ હોવા જોઇએ, રૂા ૫ કરોડથી ઉપરના કામો માટે તેના પ્રમાણમાં હોવા જોઇએ, હયાત સ્ટાફ ન હોય તો બાહેંધરી આપીને સ્ટાફ કામ માટે રોકવાનો રહેશે.

**૭.૦ કામ કરવા માટે નાણાંકીય આયોજન (કેશ ફલો)**

રૂપિયા ૨૦ કરોડથી વધારે અંદાજી રકમના કામો માટે ઠેકેદારે કામ કરવા માટે માસિક નાણાંકીય આયોજન : કેશ ફલો : ની વિગતો રજૂ કરવાની રહે છે. ઠેકેદાર આ કામો સમયસર પુરા કરવા અને આ માટે પોતાના કેટલાં નાણાં કામ માટે રોકવાનું આયોજન છે તેની વિગતો કામની સમય મર્યાદાના ગાળા દરમ્યાનના દરેક માસ માટે આપવાની રહે છે.

ઉપર મુજબના ફકરા ૧ થી ૭ ના ઉદાહરણો સાથે વંચાણમાં લઇને, પૂર્વ લાયકી દસ્તાવેજમાં યોગ્ય અને ચોકકસાઇપૂર્વક વિગતોનો સમાવેશ કરીને અમલ કરવાનો રહે છે.

આપવાની રહે છે અને તે ભાગ(૧) ના ફકરા (૨) માં જણાવ્યા પ્રમાણેની જે ક્ષમતા નકકી કરવામાં આવે તેમાંથી આ કામો પુરા કરવાની ક્ષમતા બાદ કરવાની રહેશે અને ત્યારબાદ બાકી રહેતી ક્ષમતા નકકી કરેલ માપદંડ જેટલી અથવા તેથી વધારે જોઇશે.

(૩) પુર્વલાયકી માપદંડની ગણતરીમાં કોઇ એક ક્ષમતા માટે ઠેકેદાર પાત્ર ઠરતા ન હોય તો તે એક ક્ષમતાના ધોરણમાં એક ટકા જેટલી છૂટછાટ સચિવશ્રીની કક્ષાએ લેખિત કારણો દર્શાવી આપી શકાશે.

(૪) આ પરિપત્રની સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરી ત્યારબાદ અનુભવના આધારે કાયમી નિતી નકકી કરવાની રહેશે.

(૫) આ પરિપત્ર બહાર પાડવામાં આવેલ તારીખે જે કામના પ્રાઇઝબીડ ખોલવામાં આવેલ ન હોઇ તેવા કામોના પ્રાઇઝબીડ રદ કરી તેવા કામો માટે નવેસરથી આ પરિપત્રની જોગવાઇ મુજબ ટેન્ડર માંગવાના રહેશે.

ઉપરની સૂચનાઓનું તુરત ચુસ્તપણે પાલન થાય તે તમામ સ્તરે જોવા આથી જણાવવામાં આવે છે. પરિપત્રનો અમલ તા- ૩૧.૧૨.૦૨ સુધી [redacted] કરવાનો રહેશે.

(૬) આ પરિપત્ર ફકત જળસંપત્તિ પ્રભાગના કામો માટે જ લાગુ પડે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેઓશ્રીના હુકમથી

(કે.એન.અકુવાલા)
ખાસ ફરજ પરના અધિકારી
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

## ભાગ-૨

<u>**નીચે જણાવેલ બાબતોની જોગવાઇ ટેન્ડર પેપર્સમાં યોગ્ય જગ્યાએ યોજનાના કામોના આયોજનને ધ્યાનમાં લઇને કરવાની રહે છે.**</u>

(૧) સીવીલ કામના તથા દરવાજાના કામના અલગ અલગ ટેન્ડરો મંગાવવાના રહેશે , બન્ને કામના સાથે ટેન્ડર મંગાવવા નહી,

(૨) કામ માટેની સોલવન્સીની જોગવાઇ જહેર બાંધકામ નિયમ સંગ્રહના ફકરા ક્રમાંક-૨૦૨ (ખ) (૩) માં છે તે અનુસાર કામની અંદાજી કિંમતના ૨૦ ટકા કે જે નકકી કરવામાં આવે તે રકમની સોલવન્સી માટે ટેન્ડરમાં જોગવાઇ કરવાની રહે છે.

ઉપર પ્રમાણેની જોગવાઇઓ ટેન્ડરના દસ્તાવેજમાં કરવાની રહે છે.

## ભાગ-૩

ઉપરોકત જોગવાઇના અમલ માટે નીચેની સૂચનાઓનું ચોકસાઇથી પાલન થાય તે જોવાનું રહે છે.

(૧) ઠેકેદારની સક્ષમતા અને અંદાજોની ચકાસણી કાર્યપાલક ઇજનેર તેમજ અધીક્ષક ઇજનેરશ્રી ધ્વારા થાય તે જરૂરી છે, અને આ દસ્તાવેજમાં કાર્યપાલક ઇજનેરે આ ચકાસણી નિર્દેશ થયેલા પૂર્વલાયકી માપદંડને ધ્યાનમાં લઇને ચોકસાઇપૂર્વક કરવામાં આવેલ છે, તેમ પ્રમાણિત કરવાનું રહે છે.

(૨) ઠેકેદાર પાસે આ પ્રકારના ટેન્ડરમાં જણાવેલ કામના પ્રકારના જેવા બીજા કામો હાથ ઉપર હોય તો ઠેકેદાર આ કામો પુરા કરવા દર માસે જે માટીકામ/ખોદાણ તથા ચણતર/કોંક્રીટ કામો કરવા પડે તની વિગતો

સરકારશ્રીના નર્મદા અને જળસંપત્તિ વિભાગના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૯૭-(૧૧)(ક૨) તા- ૩-૭-૨૦૦૯નું બિડાણ

## અનેક્ષર-૧

ઉદાહરણ-

એક સિંચાઇ યોજનાના ટેન્ડરની અંદાજિત કિંમત રૂા. ૪૫૨ લાખ છે. ચણતરકામ અને અને કોંક્રીટકામ મળી કુલ જથ્થો ૬૦૫૮૦ ઘન મીટર કરવાનો છે. તથા માટીકામ તથા ખોદાણકામ મળીને કુલ જથ્થો ૧,૫૦,૫૫૦ ઘન મીટર કરવાનો છે. તો તેની પૂર્વલાયકીના માપદંડો નીચે પ્રમાણે થવા જાય.

(૧) કામની સમય મર્યાદા- ૧૮ માસ

(૨) ચોમાસાનો સમયગાળો- ૩ માસ અથવા ૬ માસ જે સમય ગાળામાં ટેન્ડર માંગવામાં આવેલ હોઇ તેમાં આવતા ચોમાસાની સંખ્યા ધ્યાને લેતા) જો બે ચોમાસા આવતા હોય તો)

(૩) ખરેખર કામ કરવાનો ઉપલબ્ધ સમયગાળો- ૧૫ માસ

(૪) નાણાંકીય સધ્ધરતા-

$$\frac{૪૫૨}{૧૫} = ૩૦.૧૩ \times ૯ = ૨૭૧.૧૭$$

એટલે કે રૂા ૨૭૧લાખનું ટર્ન ઓવર કરેલ હોવું જરૂરી છે.

(૫) ભૌતિક ક્ષમતા (છેલ્લા પાંચ પૈકી કોઇ પણ ૧ વર્ષમાં)

(૧)ચણતરકામ અને અથવા કોંક્રીટકામ-

$$\frac{૬૦૫૮૦}{૧૫} = ૪૦૩૮.૬૬ \times ૯ \text{ માસ} \times ૦.૮૦ = ૨૯૦૭૮.૩૯$$

=૨૯૦૭૯ ઘ.મી.

(૨) માટીકામ અન. અથવા ખોદાણકામ

$$\frac{૧૫૦૫૫૦}{૧૫} = ૧૦૦૩૬.૬૬ \times ૯ \text{ માસ} \times ૦.૮૦ = ૭૨૨૬૩.૯૯$$

=૭૨૨૬૪ ઘ.મી.

(૩)ટેન્ડરને અનુરૂપ કામ-ઠેકેદારશ્રીએ સિંચાઇ યોજનાનું કામ કરેલ હોવું જોઇહે/હાથ ઉપર હોવું જરૂરી છે.

રૂા.૪૫૨ X૦.૬૦ = રૂા.૨૭૧.૨૦

એટલે કે રૂા. ૨૭૧ લાખ કે તેથી વધુ કિંમત નું કામ પુર્ણ કરેલ/હાથ ઉપર હોવું જરૂરી છે.

(૪) યંત્રો અને સામગ્રી-

(૧) ચણતરકામ/કોંક્રીટકામ- $\frac{૬૦૫૮૦}{૨}$ =૩૦૨૯૦-ઘ.મી. કામ થઇ શકે તેટલી યંત્ર સામગ્રી હોવી જરૂરી છે.

(૨)માટીકામ/ખોદાણકામ-

$\frac{૧૫૦૫૫૦}{૨}$ = ૭૫૨૭૫ ઘ.મી. માટીકામ/ખોદાણકામ થઇ શકે તેટલી યંત્ર સામગ્રી હોવી જરૂરી છે.

(૫) સ્ટાફ-

સીવીલ ઇજનેર- ૨

સીવીલ સુપરવાલઝર -૪

ટેક. આસી- ૬ હોવા જોઇએ.

<u>નકલ રવાના</u>

(૧) મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) મા.મંત્રીશ્રી (સિંચાઇ) ના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂ

(૩) સચિવશ્રી (જળસંપત્તિ) સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

(૪) સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી (જળસંપત્તિ)

(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ,નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૬) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત) નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા વિનંતી.

(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૮) નાણાંકીય સલાહકારશ્રી,સચિવાલય, ગાંધીનગર.

**મોટી–મધ્યમ–નાની સિંચાઈ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પુર્વ લાયકી માપદંડમાં સુધારા વધારાં કરવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ક્રમાંકઃ– પરચ/૧૦૯૭/૧૩૯૭/(૧૧)/(ક.૨)–ક.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૬–૯–૨૦૦૮.

વંચાણે લીધા :–(૧) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૧–૫–૯૭ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૨) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૧૪–૮–૯૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૩) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૩–૭–૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૪) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૧૭–૮–૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૫) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૨૮–૧૦–૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૬) સરકારશ્રીના ન.જ.સં.અને પા.પુ.વિભાગના તા.૩–૭–૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,
(૭) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિભાગના તા.૧૦–૯–૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૯૭–૧૩૯૭–(૧૧)(ક.૨)–ક.૧,

પુર્વભૂમિકા :–

સિંચાઈ વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતાં મોટી–મધ્યમ–નાની સિંચાઈ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે સંદર્ભ હેઠળનાં પરિપત્રોથી પુર્વ લાયકી માપદંડો નકકી કરવામાં આવેલાં છે. તદ્અનુસાર હાલમાં વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતાં કામોમાં સંદર્ભ–(૪) હેઠળનાં વિભાગનાં તા.૧૭–૮–૨૦૦૨ નાં પરિપત્રથી રૂ.૧.૦ (એક) કરોડથી વધુ અંદાજીત રકમના કામો માટે ઈજારદારોની પુર્વ લાયકીનાં ધોરણો લાગુ પાડવામાં આવેલાં છે. જે વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર :–

પુખ્ત વિચારણાને અંતે રૂ.૧.૦ (એક) કરોડથી વધુ અંદાજીત રકમના કામોની મર્યાદાને બદલે હવે રૂ.૨.૦ (બે) કરોડથી વધુ અંદાજીત રકમના કામો માટે ઈજારદારોની પુર્વ લાયકીનાં ધોરણો લાગુ પાડવા આથી નિર્ધારિત કરવામાં આવે છે.

અન્ય માપદંડો / શરતો યથાવત રહેશે.

આ પરિપત્ર નાણા વિભાગની તા.૧૮/૪/૨૦૦૮ ની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મંજુરી મેળવ્યા બાદ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

6/૧/2008

( ડી. બી. જાદવ )
ખાસ ફરજ પરના અધિકારી,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

<u>નકલ રવાના</u>

૧) માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨) માન.મંત્રીશ્રી (જળસંપત્તિ) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩) સચિવશ્રી (જ.સં.), ન.જસં.પાપુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪) સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, ન.જસં.પાપુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫) નાાણાકીય સલાહકારશ્રી, ન.જસં.પાપુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, ન.જસં.પાપુ.અને ક.વિભાગ.
૭) સર્વે અ.ઈ.શ્રી (પંચાયત સહિત) ન.જસં.પાપુ.અને ક.વિભાગ. (તેમનાં તાબા હેઠળનાં સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા વિનંતી સહ)
૮) સર્વે સેકશન અધિકારીશ્રીઓ, ન.જસં.પાપુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯) સિલેકટ ફાઈલ.